અપીલ અરજી નં.૩૧૬ તા.૩૦–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અહમદભાઈ જમાલભાઈ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અહમદભાઈ જમાલભાઈની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી(૧) મિલ્કત નં.૩/૨૮૪૮ પૈકી બ્લોક નં.૩૩ ના ઈમલેદાર અહમદભાઈ જમાલભાઈ વાળી મિલકતનું વર્ષ ૧૯૬૭ થી ૨૦૦૯ સુધીની તમામ ફીલ્ડ બુક તેમજ એસેસમેન્ટ બુકની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૬/૨૦૦૯–૧૦

શ્રી અહમદભાઈ જમાલભાઈની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી (૧) મિલ્કત નં.૩/૨૮૪૮ પૈકી બ્લોક નં.૩૩ ના ઈમલેદાર અહમદભાઈ જમાલભાઈ વાળી મિલકતનું વર્ષ ૧૯૬૭ થી ૨૦૦૯ સુધીની તમામ ફીલ્ડ બુક તેમજ એસેસમેન્ટ બુકની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.એઆરડી/૧૦૧ તા.૨૩–૧૨–૦૯ થી આપેલ માહિતી અધુરી, અસ્પષ્ટ અને ગોળગોળ આપવામા આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૯ તા.૫–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારે સીસીસી/સે.ઝોન/૩૮૦ તા.૨૦–૧–૧૦ થી અપીલ અરજી દફતરે કરવાની મુળ અરજીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૩ મિલ્કત નં.૨૮૪૮ પૈકી બ્લોક નં.૩૩ (નાનો) ની મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી રૂા.૧૩૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૧૧૩૫૬૯ તા.૨૧–૧૨–૦૯ ના રોજ ભરપાઈ કરી માહિતી મેળવ્યાનું અરજદારે અપીલ અરજીમાં જણાવેલ છે તેમજ નાણા ભરપાઈની પહોંચની નકલ પુરાવા તરીકે રજુ કરેલ છે. તેમજ અરજદારને માહિતી પત્ર નં.એઆરડી/૧૦૧ તા.૨૩–૧૨–૦૯ થી મુદ્દા નં.૧ તી ૧૨ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાના રેકર્ડના નિયમો મુજબ આકારણી ખાતાનો રેકર્ડ કેટેગરી'બી' મુજબ ૩૦ વર્ષ રાખવાનો હોય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તાધિકારી પાસેથી અથવા નિયંત્રણ હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. સુરત મહાનગરપાલિકાના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા વિદ્યમાન કાયદાકીય જોગવાઈઓ અનુસાર દર ૪ વર્ષે અસેસમેન્ટ તેમજ કટબુકના રજીસ્ટરો તૈયાર કરવાના હોય છે. તેવી માહિતી બાબતે અરજદાર તરફથી માંગેલી માહિતીથી વિપરીત/અધૂરી તેમજ સત્યથી વેગળી માહિતી આપવામાં આવેલ છેતેવું જણાવી તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧. વોર્ડ નં.૩ મિલ્કત નં.૨૮૪૮ પૈકી બ્લોક નં.૩૩ (નાનો) ના ઈમલેદાર અહમદભાઈ જમાલ ભાઈ વાળી મિલ્કતનું વર્ષ ૧૯૬૭ થી ૨૦૦૯ સુધીની તમામ ફીલ્ડબુક તેમ એસેસમેન્ટ બુકની નકલના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતના સને ૧૯૬૭ થી ૨૦૦૯ સુધી માંગવામાં આવેલ નકલ પૈકી ૧૯૭૫–૭ ,૧૯ ૮૦–૮૧, ૧૯૮૨–૮૩, ૧૯૮૩–૮૪, ૧૯૮૭ –૮૮, ૧૯૯૧–૯૨,૧૯૯૭ –૯૮, ૨૦૦૦ –૦૧, ૨૦૦૪–૦૫, અને ૨૦૦૭–૦૮ તથા ૨૦૦૯–૧૦ ના વર્ષની નકલો તેમજ કટબુકની સને ૧૯૮૩–૮૪,૧૯૯૧ –૯૨, ૧૯૯૬–૯૭,૨૦૦૦–૨૦૦૧,૨૦૦૪–૦૫, ૨૦૦૭–૦૮ તથા ૨૦૦૯–૧૦ ની નકલો પાના નંગ–૩૭ સામેલ છે તેવી માહિતી આપવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલ અરજીમાં બાકીના વર્ષોની ફીલ્ડબુક તથા એસેસમેન્ટની નકલ આપવામાં આવેલ નથી તેની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલા સમય ગાળા દરમ્યાન નિર્દિષ્ટ મુજબના વર્ષ સિવાયના ફીલ્ડ બુક કે અસેસેમેન્ટ રજીસ્ટરની નકલો પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં.ર. સદર મિલ્કતની આકારણી વિભાગ ધ્વારા કયા વર્ષમાં અને આજ દિન સુધી કેટલીવાર આકારણી થયેલ છે તે સંદર્ભની આકારણીની ખાસ નોટીસની નકલ ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમાં ફરી આકારણી દખલ કરવામાં આવેલ નથી જેથી આકારણીની ખાસ નોટીસની નકલ આપવાનો પ્રશ્ન રહેતો નથી. જેમાં અરજદારે અપીલ અરજીમાં વોર્ડ નં.૩ સી લોકેશન–૧૧ ના એસેસમેન્ટ રજીસ્ટર ૭૯,૮૦ અને ૮૧ ની નકલ પુરાવા તરીકે રજૂ કરી તેના આધારમાં પાના નં.૧૨૭ ના કલમ–૧૦ માં દર્શાવેલ નોટીસ નં.૩૯૩ તા.૧૮–૭–૭૯ ઈસ્યુ થયેલ છે જેની ખાસ નોટીસ અમોને આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૩. સદર મિલ્કતમાં થયેલી આકારણી વિરુધ્ધ ભુતકાળમાં આપના વિભાગને કોઈ અપીલ તેમજ કોઈ અન્ય ન્યાયિક પ્રકરણ થયેલ છે? હા કે ના . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નંબરથી નોંધાયેલ મિલ્કતમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ઈમ્લ ેદાર/માલીક/કબ્જેદાર ધ્વારા મિલ્કતની આકારણી વિરૂધ્ધ ભુતકાળમાં કોઈ અપીલ થયેલ નથી. તેવી માહિતીના સંદર્ભમાં અરજદારે અપીલમાં સને ૧૯૭૯–૮૦ ના એસેસમેન્ટ રજીસ્ટરના પુરાવાના આધાર જણાવી કોલમ નં.૩૧ માં હરકત અરજીનો ચૂકાદો ટાંકીને આકારણી વિરૂધ્ધ ભુતકાળ ના અપીલ અંગે જણાવેલ છે. ૪. જો થયેલ હોય તો તમામ અપીલ અથવા તો કોર્ટ પ્રકરણની વિગત/માહિતી રેકર્ડ આપવા બાબતના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમાં ઉપલબ્ધ રેકર્ડ જોતાં અપીલ કે કોર્ટ પ્રકરણ થયેલ ન હોય માહિતી આપવાની રહેતી નથી તેવી માહિતી આપવામાં આવેલ છે. તેવી માહિતીના સંદર્ભમાં અરજદારે અપીલમાં સને ૧૯૭૯–૮૦ ના એસેસમેન્ટ રજીસ્ટરના પુરાવાના આધાર જણાવી કોલમ નં.૩૧ માં હરકત અરજીનો ચૂકાદો ટાંકીને આકારણી વિરુધ્ધ ભુતકાળના અપીલ અંગે જણાવેલ છે. મુદ્દા નં.૫ હાલમાં થયેલ સદર મિલ્કતનું રીવીઝન પહેલા સદર મિલ્કત સંદર્ભે કેટલીવાર રીવીઝન થયેલ છે કયા કયા વર્ષોમાં.જે પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમાં સને ૧૯૯૫–૯૬,૯૬–૯૭,૨૦૦૦–૦૧,૨૦૦૪–૦૫ તથા ૨૦૦૯–૧૦ ના વર્ષમાં ઉપલબ્ધ રેકર્ડ જોતાં રીવીઝનની કામગરી થયેલ હોવાનું જણાય છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૬ થયેલ તમામ રીવીઝન સંદર્ભે સદર મિલ્કતના માલીક /ઈમલેદાર/કબ્જેદાર ધ્વારા કોઈ ફોર્મ જે તે વખતોવખત ભરાયેલ છે ? હા કે ના.જે પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમા રીવીઝન સંદર્ભેમાલીક /ઈમલેદાર/કબ્જેદાર ધ્વારા કોઈ રીકવીઝેરશન ફોર્મ ભરાયેલ નથી તેવી માહિતી આપેલ છે. જેના સંદર્ભે અપીલ અરજીમાં જવાબ ખોટો આપેલ છે મિલ્કત સંદર્ભમાં રીકવીઝીશન ફોર્મ ભરાયેલ છે તેમ છતાં નકલ આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૭ જો ભરાયેલ હોય તો વર્ષ ૧૯૭૯ પછીના તમામ રીકવીઝીશનના ફોર્મની નકલના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમા ઉપલબ્ધ રેકર્ડ જોતાં સને ૧૯૭૯ પછી રીકવીઝીશન ફોર્મ ભરાયેલ ન હોય નકલ આપવાની રહેતી નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે અપીલમાં સ્થળ તપાસી રીપોર્ટમાં પુરાવા અને આધાર લઈ તા.૧૫–૫–૧૯૮૨ ના રોજ રીકવીઝીશન ફોર્મ ભરાયેલ છે તેવી રજૂઆત કરી માહિતી ખોટી આપ્યાનું જણાવેલ છે. મુદ્દા નં.૮. આકારણી વિભાગ તરફથી થયેલ

તમામ રીવીઝન સંદર્ભની ઓફિસર/સર્વેયર ધ્વારા અપાયેલ રીપોર્ટની નકલ વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૯ સુધી. સદર પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમા રીવીઝન સંદર્ભે મિલ્કતના ઓફિસર/સર્વેયરની નકલ ઉપલબ્ધ નથી જેમાં રેકર્ડ કયા કારણસર ઉપલબ્ધ નથી તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૯. આકારણી વિભાગના વર્ષ ૧૯૭૯ થી આજ દિન સુધી આકારણી સંદર્ભના ટેરીફ (માલીકી ધોરણે તેમજ ભાડુતી ધોરણે) અથવા તો જે તે પ્રમાણે વેરાબીલ બનતા હોય તે તમામની વિગત/ટેરીફ ટેબલની જાણકારી આપવા બાબત. વર્ષ ૧૯૭૯ થી ૨૦૦૯ સુધી (વખતોવખત આકારણી સંદર્ભે થયેલ આકારણીનાભાવમાં/દરમાં સુધારો/વધારો સાથે ટેરીફમાં વટઘટ થયેલ હોય તો તેની વિગત) સદર પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમા સને ૧૯૭૯ થી ૨૦૦૮ સુધી વા.ભા.ગ્રો. આકારણી પધ્ધતિમાં આકારણીના ભાવ/દરમાં થયેલા સુધારા વધારા નિયત ગાઈડ લાઈનો આ સાથે સામેલ છે. જયારે સુરત મહાનગરપાલિકાએ તા.૧–૪–૦૮ થી એરીયા બેઈઝ મિલ્કતવેરા પધ્ધતિ અમલમાં મુકેલ છે. જેની વિગતો દર્શાવતો સા.સ.ઠ. નં.૭૦૬/૮ તા.૩૦–૮–૦૯ ની નકલ પાના નં.૧૧ સામેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં અવોલ છે. મુદ્દા નં.૧૦ આકારણી વિભાગ તરફથી તા.૧૭–૮–૦૯ ના રોજ રીવીઝન માટે સદર મિલ્કતના સ્થળ ઉપર આવેલા સર્વેયર/ ઓફિસરના નામ આપવા.સદર પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમા સને ૨૦૦૯–૧૦ ના રીવીઝનમાં મિલ્કતના સ્થળ ઉપર આવેલ કર્મચારીનું નામ શ્રી અમરીશ ભટ્ટ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧૧. સદર તારીખે રીવીઝન માટે સ્થળ ઉપર આવેલા સર્વેયર/ઓફિસર સાથે શું સુરત મહાનગરપાલિકાના એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગના વોર્ડ નં.૭ ના ઈન્સ્પેકટર/ઓફિસર/સર્વેયર સામેલ હતા? જો જે તે વિસ્તારના રીવીઝન પ્રક્રયા દરમ્યાન સામેલ હોય તો તેમના નામ સુચવવા /આપવા બાબત. સદર પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમા સને ૨૦૦૯–૧૦ આકારણી રીવીઝનની સ્થળ તપાસ માં આકારણી વિભાગના વોર્ડ નં.૭ ના સર્વેયર /ઈન્સ્પેકટર/ઓફિસર સામેલ ન હતાં તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે અપીલ અરજીમાં તે અંગેની એફીડેવીટ કરવાની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૧૨. અરજદાર મારફત સુરત મહાનગરપાલિકાના એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગ સાથે અથવા તેના અન્ય કોઈ વોર્ડ અધિકારી વિરુધ્ધ કોઈ ફરીયાદ/ન્યાય પ્ર કરણ ચાલે છે? હા કે ના ની માહિતી માંગવામાં આવેલ. સદર પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોંધાયેલ મિલ્કતમા અરજદાર શ્રી અહમદભાઈ જમાલભાઈ મારફત એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગ સાથે અન્ય કોઈ વોર્ડના અધિકારી વિરુધ્ધ ઓફિસ દફતર ચકાસતાં કોઈ ફરીયાદ/ન્યાય પ્રકરણ ચાલતું નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે અપીલ અરજીમાં તેમનો જવાબ ખોટો છે અને ગેરમાર્ગે દોરનાર છે જે અંગે અરજદારે વિષ્ણુભાઈ સી. ત્રિવેદીની તા.૧૬–૧૦–૦૭ ની આપેલ નોટીસની રજૂઆત કરેલ છે. આમ અરજદારે મુદ્દા નં.૧,૨,૬,૭ માં આપેલી માહિતી સંદર્ભે અનુક્રમે એસેસમેન્ટ નકલ, ખાસ નોટીસ, અને રીકવીઝેશનની ફોર્મની નકલની માંગણી કરેલ છે. જયારે મુદ્દા નં.૩ અંગે હરકત અરજી બાબતે અને મુદ્દા નં.૧૨ અંગે એડવોકેટ શ્રી વિષ્ણુભાઈ ત્રિવેદીની તા.૧૬–૧૦–૦૭ ની માહિતી માંગેલ છે.

સમગ્ર હકીકતો જોતાં મુળ અરજીના મુદ્દા નં.૫,૯ તથા ૧૦ અંગે અરજદારે કોઈ વિવાદ ઉત્પન્ન કરેલ નથી. મુદ્દા નં.૧૧ અંગે અરજદારે આકારણી સ્ટાફની સ્થળ પરની હાજરીની માહિતીને પડકારેલ છે. પરંતુ તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી તેમ છતાં આ બાબત લાગત કર્મચારીની ડાયરી કે સ્થળ તપાસ રીપોર્ટ પર હોય મુદ્દા નં.૧ થી ૪ ,૬ થી ૮ તથા ૧૨ અંગે અરજદારે રજૂ કરેલ પુરાવા ધ્યાને લેતાં તેમની રજૂઆતને સમર્થન મળતું જણાય છે.

દરમ્યાન ઉપરોકત અપીલ અંગે કરેલી રજૂઆત બાદ અરજદારે તા.૨૦–૦૧–૧૦ થી આકારણી વિરુધ્ધ અન્ય વિભાગમાં કરેલ હરકત અરજી બાબતે જરૂરીયાત ઉત્પન્ન થયેલ જે હાલમાં પૂરી પાડવામાં આવેલી માહિતી આકારણી વિભાગ ધ્વારા માન્ય રાખી આકારણીમાં સુધારો કરી આપેલ છે. હાલના સંજોગોમાં સદર અપીલ ન ચલાવી દફતરે કરવા એપેલેટ ઓફિસરને વિનંતી કરવામાં આવેલ છે. અને તા.૩૦–૧૨–૦૯ ની અપીલ દફતર કરવા જણાવવામાં આવેલ છે સાથે ફરી જરૂરીયાતપણે હક અબાધિત રાખવાની શરત પણ મુકેલ છે. આમ અપીલ બિનશરતી પરત ખેચેંલ નથી. જે અંગે અરજદારની મુળ અરજીની નકલ અત્રે રજૂ કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ માહિતી અરજદારે માન્ય રાખી અપીલ અરજી દફતરે કરવા જણાવેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહે નહીં તેમ છતાં ગુણદોષ પર નિકાલની બાબત ધ્યાને રાખી અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરી અત્રે જણાવવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>અને એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગર પાલિકા

પ્રતિ<br>(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),...જાણ તથા અમલ માટે<br>(૨) શ્રી અહમદભાઈ જમાલભાઈ,